ઉપલેટા ખાતે આયોજિત

૩૬મી માસ્ટર્સ એથ્લેટીક્સમાં જિલ્લાને ૩૯ મેડલ

૧૬ ખેલાડીઓએ ૨૪ ગોલ્ડ, ૧૩ સિલ્વર, ૨ બ્રોન્ઝ મળી કુલ ૩૯ મેડલ પ્રાપ્ત કર્યા

ગાંધીનગર, તા. ૨૨

ઉપલેટા ખાતે આયોજિત ૩૬મી માસ્ટર્સ એથ્લેટિક્સ ચેમ્પિયનશીપમાં ગાંધીનગર જિલ્લાના ૧૬ ખેલાડીઓએ ૨૪ ગોલ્ડ, ૧૩ સિલ્વર, ૨ બ્રોન્ઝ મળી કુલ ૩૯ મેડલ પ્રાપ્ત કર્યા છે.

ગાંધીનગર ડિસ્ટ્રીક્ટ માસ્ટર્સ એથ્લેટીક્સ એસોસિએશનના પ્રમુખ દિનેશસિંહ ચાવડાએ આ અંગેની વિગતો આપતાં જણાવ્યું છે કે ૩૬મી માસ્ટર્સ એથ્લેટીક્સ ચેમ્પિયનશીપ ઉપલેટા, જિ. રાજકોટ ખાતે ૧૭-૧૮ ડિસેમ્બર દરમિયાન યોજાઈ હતી, જેમાં સુંદર દેખાવ કરી ગાંધીનગરના ખેલવીરોએ ૩૯ મેડલ પ્રાપ્ત કર્યા હતા.

ભગવાનભાઈ કે તરાલે ૪૫ વર્ષથી ઉપરના જૂથમાં વાંસકૂદ, લંગડી, ઊંચીકૂદમાં પ્રથમ ઈનામ, મહેશભાઈ બી કટારાએ ૫૦ વર્ષથી ઉપરના જૂથમાં લાંબીકૂદ, ૮૦૦ મીટર દોડ, ૪૦૦ મીટર દોડમાં પ્રથમ, મહેન્દ્રકુમાર પી મહેતાએ ૬૦ વર્ષથી ઉપરના જૂથમાં ૮૦ મીટર હર્ડલ્સ, ૩૦૦ મીટર હર્ડલ્સ અને ૨ હજાર મીટર સ્ટીપલ ચેઝમાં પ્રથમ, આલોક પ્રદીપકુમારે ૪૦ વર્ષથી વધુ વયજૂથમાં ગોળાફેંક, ચક્રફેંકમાં પ્રથમ, રાજેશકુમાર પી ભટ્ટે ૪૫ વર્ષથી વધુના વયજૂથમાં ગોળાફેંકમાં પ્રથમ, ચક્રફેંકમાં તૃતિય, કાંતિભાઈ કે પટેલે ૬૦ વર્ષથી વધુના વયજૂથમાં હથોડાફેંકમાં પ્રથમ, ચક્રફેંકમાં દ્વિતિય અને બરછી ફેંકમાં તૃતિય, ખમીજીભાઈ એમ રહેવરે ૬૫ વર્ષથી વધુના વયજૂથમાં ૮૦૦ મીટર દોડમાં પ્રથમ, ૧૫૦૦ મીટર દોડમાં દ્વિતિય અને ૫ કિમી વૉકમાં દ્વિતિય, અમીન પીરુભાઈ રાણિકાએ ૩૫ વર્ષથી વધુના વયજૂથમાં વાંસકૂદ, લાંબીકૂદમાં દ્વિતિય, બરમેશ્વર નાયે ૩૫ વર્ષથી વધુના વયજૂથમાં બરછી ફેંકમાં દ્વિતિય, ગિરીશભાઈ કે ગઢવીએ ૪૫ વર્ષથી વધુના વયજૂથમાં પાંચ કિમી વૉકમાં દ્વિતિય, બાબુભાઈ બી ખેરે ૫૦ વર્ષથી વધુના વયજૂથમાં ૮૦૦ મીટર દોડ અને ૧૫૦૦ મીટર દોડમાં દ્વિતિય, કીર્તિબેન મહેતાએ ૪૫ વર્ષથી વધુના વયજૂથમાં ૪૦૦ મીટર હર્ડલ્સ, ૩ હજાર મીટર સ્ટીપલ ચેઝમાં પ્રથમ, પાંચ કિમી વૉકમાં દ્વિતિય, કીર્તિબેન પી મહેતાએ ૫૦ વર્ષથી વધુના વયજૂથમાં ૮૦ મીટર હર્ડલ્સ, ૩૦૦ મીટર હર્ડલ્સ અને ૩ હજાર મીટર સ્ટીપલ ચેઝમાં પ્રથમ, શાંતાબેન એસ બુબડીયાએ ૫૫ વર્ષથી વધુના વયજૂથમાં ૮૦ મીટર હર્ડલ્સમાં પ્રથમ, ૧૫૦૦ મીટર દોડ અને ૪૦૦ મીટર દોડમાં દ્વિતિય, કિરણબેન બી તરાલે ૬૦ વર્ષથી વધુના વયજૂથમાં ગોળાફેંક, ૮૦ મીટર હર્ડલ્સમાં પ્રથમ, ૨૦૦ મીટર દોડમાં દ્વિતિય અને ઈન્દુમતી એન નિમાવતે ગોળાફેંક, ૨૦૦ મીટર દોડમાં પ્રથમ અને ૧૦૦ મીટર દોડમાં દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

જે. બી. પ્રાથમિક શાળામાં નાતાલ પર્વની ઉજવણી કરાઈ

ગાંધીનગર, તા. ૨૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જે બી પ્રાથમિક શાળામાં ગુરુવારે નાતાલ પર્વની ઉજવણી કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ શાંતા ક્લોઝની વેશભૂષામાં સજ્જ થઈ શાળાનાં તમામ વિદ્યાર્થીઓને ચોકલેટ વહેંચીને ખુશ કર્યા હતા. ધોરણ-૧થી ૪ વિદ્યાર્થીઓએ પોએમ સિંગિંગ સ્પર્ધામાં અને ધોરણ-૬થી ૮ના વિદ્યાર્થીઓએ સ્ટોરી ટેલિંગ સ્પર્ધામાં ભાગ લઈ સુંદર પ્રદર્શન કર્યાં હતાં. વિદ્યાર્થીઓએ વિવિધ વેશભૂષા સાથે ડાન્સ પણ પ્રસ્તુત કર્યો હતો અને સૌને મનોરંજન પૂરું પાડ્યું હતું.

સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન કરનાર, કાર્યક્રમમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓ અને તેમને માર્ગદર્શન આપનાર શિક્ષકોને શાળાનાં આચાર્ય નીવાબેન પટેલે શાળા પરિવાર વતી બિરદાવી અભિનંદન આપ્યા હતા.

ડાયરેક્ટ

સે

માના કિ
અંધેરા ઘના હૈ
પર દિપ જલાના
કહાં મના હૈ !

મનોરંજન

સિટી પલ્સ

સ્ક્રીન-૧
દંગલ
૧૨.૩૦, ૩.૩૦
૬.૩૦, ૯.૩૦
સ્ક્રીન-૨
કહાની-૨
૧.૩૦, ૪.૩૦
૭.૩૦. ૧૦.૩૦
સ્ક્રીન-૩
દંગલ
૧૧.૩૦. ૨.૩૦,
૫.૩૦, ૧૦.૦૦
સ્ક્રીન-૪
બેફિકરે
૧૨.૪૫
ડિયર જિંદગી
૩.૪૫
કહાની-૨
૯.૪૫
સ્ક્રીન-૫
બેફિકરે
૩.૩૦, ૧૦.૦૦
દંગલ
સવારે ૧૦.૦૦
સ્ક્રીન-૬
દંગલ
૯.૩૦
બેફિકરે
૬.૪૫
ડિયર જિંદગી
સવારે ૧૦.૦૦

એસ. જી. સ્કૂલ અને માઉન્ટ કાર્મેલ સ્કૂલના સંયુક્ત ઉપક્રમે ક્રિસમસ પર્વની ઉજવણી

વિદ્યાર્થીઓ દ્વારા વિવિધ ડાન્સ પ્રસ્તુતિ અને વાર્તાના માધ્યમથી શાંતિના સંદેશાનું પ્રસારણ કરવામાં આવ્યું

ગાંધીનગર, તા. ૨૨

એસ.જી.અંગ્રેજી માધ્યમ અને માઉન્ટ કાર્મેલ શાળાના સંયુક્ત ઉપક્રમે કડી કેમ્પસમાં આવેલ નથીબા હોલમાં ક્રિસમસ પર્વની ઉજવણી ભાવપૂર્વક કરવામાં આવી હતી. આ કાર્યક્રમ અંતર્ગત સૌપ્રથમ શાળાના ટીચર સોનાલી મેડમ અને નિખિલ સરે વક્તવ્ય દ્વારા સ્વાગત કર્યું હતું. તેમજ ક્રિસમસ અંગેનું પ્રવચન માઉન્ટ કાર્મેલ સ્કૂલના પ્રિન્સિપાલ દ્વારા થયું હતું. આ કાર્યક્રમ અંતર્ગત ક્રિસમસ કેરલ્સ અને વિવિધ ડાન્સ તેમજ વાર્તા દ્વારા શાંતિનો સંદેશો આપ્યો હતો. અંતમાં રાષ્ટ્રીય ગાન કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કોલેજ ખાતે

હકારાત્મક નેતૃત્વ વિષયે વ્યાખ્યાન યોજાયું

ગાંધીનગર, તા. ૨૨

કડી સર્વ વિશ્વવિદ્યાલય સંલગ્ન અશ્વિનભાઈ એ પટેલ કોમર્સ કૉલેજ ખાતે હકારાત્મક નેતૃત્વ વિષયે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં ટીવાયબીકોમના ૭૫ વિદ્યાર્થીઓ ઉત્સાહભેર જોડાયા હતા. આ કાર્યક્રમમાં નિષ્ણાત તરીકે અમદાવાદ મેનેજમેન્ટ એસો.ના ટ્રેનર અનુરાગ મહેતા ઉપસ્થિત રહ્યા હતા, જેમણે હકારાત્મક નેતૃત્વ કરવા માટે જરૂરી માહિતી આપી હતી. જેમાં જીવનમાં સફળ થવા માટે હકારાત્મક અભિગમ, કૌશલ્ય અને જ્ઞાનની જરૂર પડે છે એમ તેમણે જણાવ્યું હતું. હકારાત્મક વિચારોની ખરાઈ માટે તેમણે એક સેમ્પલ એક્ઝામ પણ લીધી હતી. સાથે-સાથે જીવન વિકાસનાં પાસાં - સેલ્ફ અવેરનેસ, લાઇફ વિઝન એન્ડ ગોલ્સ, પાવર ઓફ સેલ્ફ ડિફેન્સ, ઈન્ટર પર્સનલ સ્કીલ્સ, ટાઈમ મેનેજમેન્ટ અંગે વિસ્તૃત છણાવટકરી હતી. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન અને આયોજન ડૉ. ધર્મેન્દ્રભાઈ પટેલ દ્વારા કૉલેજના આચાર્ય ડૉ. વિજ્ઞા ઓઝાના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું.

ઊર્જા બચત વિષયની ચિત્ર સ્પર્ધામાં

જે બી પ્રાથમિક શાળા જિલ્લામાં પ્રથમ

ગાંધીનગર, તા. ૨૨

બાલ ઊર્જા સંરક્ષક દળ કાર્યક્રમ અંતર્ગત ગુજરાત ઊર્જા વિકાસ એજન્સી, ગાંધીનગર પ્રેરિત અને નિસર્ગ કોમ્યુનિટી સાયન્સ સેન્ટર, ગાંધીનગર દ્વારા ઊર્જા બચત અને પુનઃપ્રાપ્ય ઊર્જા અંગે ચિત્ર સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં શ્રી જે બી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ સુંદર ચિત્રોનું સર્જન કર્યું હતું. દિવ્યરાજ નરેન્દ્રસિંહ વિહોલ દ્વારા તૈયાર કરવામાં આવેલા ચિત્રને જિલ્લામાં પ્રથમ સ્થાન સાથે પ્રમાણપત્ર અને રૂપિયા પાંચ હજારનું ઈનામ પ્રાપ્ત થયું હતું. આ ચિત્ર સ્પર્ધામાં ભાગ લેનાર તથા વિજેતાપદ પ્રાપ્ત કરી શાળાનું ગૌરવ વધારનારા સૌ વિદ્યાર્થીઓને બિરદાવી આચાર્યએ અભિનંદન પાઠવ્યા હતા.

માઉન્ટ કાર્મેલ શાળાએ શાંતિનો સંદેશ ફેલાવ્યો

ગાંધીનગર, તા. ૨૨

સેક્ટર-૨૧ સ્થિત માઉન્ટ કાર્મેલ શાળાએ નાતાલ પર્વનો શાંતિ સંદેશ આપવા પ્રતાપસિંહજી હિન્દી શાળા, સેક્ટર-૨૦, એસ જી પ્રાઇમરી ઇંગ્લિશ મીડિયમ સ્કૂલ, સેક્ટર-૨૩ અને સરકારી પ્રાથમિક શાળા, સેક્ટર-૨૦ ખાતે નાતાલ પર્વની શાંતિ અને સંદેશની શુભેચ્છ પાઠવતી નૃત્યનાટિકા પ્રસ્તુત કરી હતી. માઉન્ટ કાર્મેલ શાળાનાં આચાર્ય સિસ્ટર રેણુકાએ દરેક શાળામાં શુભ-શાંતિ સંદેશની શુભેચ્છા પાઠવી વિદ્યાર્થીઓ, શિક્ષકોને મોં મીઠું કરાવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ શિક્ષક મંજુ બલરાજ, ધનેશ પરમાર, મીતિ ભટ્ટ, એકસા કાર્મેલાઇટ જ્યુવિટા ક્રિસ્ટીએ તૈયાર કરાવ્યો હતો. આચાર્ય સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ આ શાંતિ સંદેશનો પ્રચાર સફળતાપૂર્વક સંપન્ન થયો હતો.

ગામડાઓનું શહેરીકરણ અને શહેરોમાં વાડી-મોલ

જીવન ઉપવન

મહેન્દ્ર એમ ત્રિવેદી

mmtrivedi007@gmail.com

સાહિત્યકારોએ ગ્રામ જીવન ઉપર ઘણું ઉમદા, રોચક અને શાંતિ પ્રાપ્ત થાય તેવું લખાણ લખ્યું છે, જેમાં કવિતાઓ, વાર્તાઓ, નિબંધોનો સમાવેશ થાય છે. ગામડું એટલે પ્રકૃતિની ગોદમાં ઉછળતું, હસતું, રમતું શિશુ ! નિર્દોષ બાળક જેવું ગામડું, બધાની પ્રગતિ અને વિકાસનો મૂળભૂત પાયો જેના માટે મહાત્મા ગાંધીને દિલથી અતિ મમતા રહી. ગામડું જો સાચું ગામડું રહે તો તેમાં નિરાશ થવાની કોઈ જરૂરત નથી. માતાની મમતામાં કદી ફેર પડવો જોઈએ નહીં. માતૃત્વ એ બેજોડ ઘટના છે. પ્રેમ એ વિશ્વનું ચાલક બળ છે, તેની જેમ જ ભારત દેશનું ખરું ચાલકબળ ગામડું જ છે. પણ આપણાં પૂર્વજો અને મહામાનવોએ ઝંખેલા ગ્રામ સ્વરાજની પૂરી કલ્પનાને સાથે મળીને કલંકિત અને કઢંગી કરી નાંખી છે. શ્રદ્ધાના તમામ રસ્તાઓ અને કેડીઓ છેવટે ઈશ્વરના અસ્તિત્વ સુધી જાય છે. તેમાં ડાયવર્ઝન હોવું એટલે જીવન માટે નકારાત્મક પરિણામોનો સ્ત્રોત થઈ જાય તેવી બાબત છે. કાચા રસ્તા, બળદગાડા, કૂવા ઉપર કોષ, પાણીનાં ધોરિયા, શેઢા ઉપરના ઘટાદાર વૃક્ષો, વૃક્ષની મજબૂત ડાળી ઉપરના ઝુલા, બપોરે ઘેરથી આવવું ભાત (ભોજન), દરેક ઋતુમાં મળતાં શુદ્ધ, સાત્ત્વિક, તાજાં ફળ-પુષ્પો ઉપરાંત જો નદી ગામની ભાગોળે પસાર થતી હોય તો બારેમાસ પાણી, નદીકાંઠે શ્રદ્ધાનું સ્થાનક અને કોઈ સાધુ-સંત, ગામના ગોંદરે વૃક્ષની ઘટાટોપ છાયામાં બેઠેલી ગાયો કેબકરાં-ઘેટાંનું ઝૂંડ, મર્યાદિત દુકાનો, મર્યાદિત જીવન અને નિષ્ઠાવાન, નિખાલસ ગામના રહીશો... આ બધી વાતો કદાચ આજના યુગની નવી પેઢીને સમજાશે પણ નહીં !

ગામની નદી એટલે ગામડાંના લોકોની લોકતામા, જેના પટમાં ભૂદેવો જ્યારે જનોઈ બદલવાની વિધિ કરતા હોય ત્યારે એવું જ લાગે કે મેરે ભારત જૈસા કોઈ નહીં, તદ્દન વાસ્તવિક વિશ્વ ! વિકાસની રફતાર અને નવાં ઉપકરણોના પ્રવાહમાં ભારતનાં ગામડાં હવે શહેરોમાં રૂપાંતરિત થઈ ગયાં છે. બલ્કે ગામડાં શહેરો કરતાં વધુ ઝડપથી બદલાઈ રહ્યાં છે. બધું તૈયાર હાજરાહજૂર સંસ્કૃતિ ગામડે પ્રત્યેકના જીવનમાં પહોંચી ગઈ છે. હવે નિર્દોષતા, નિખાલસતા, નિર્મળતા ગામડાના લોકજીવનમાંથી સાવ લુપ્ત થઈ છે. કારણ કે ગામડાને પણ વિકસવું છે, સ્માર્ટ થવું છે.

ગામડાઓની સંસ્કૃતિમાં ઉનાળો શરૂ થાય કે ગામડે રામાયણની સપ્તાહ શરૂ થાય તો ક્યાંક શિવપુરાણની સપ્તાહ બેસે અને શ્રોતાઓ તેમાં દિલથી, શ્રદ્ધાથી, ભાવથી સાંભળવા જાય એ દૃશ્ય હવે ક્રમશઃ લુપ્ત થઈ ગયાં છે. કાંકચ ગામ (તા. લિલિયા મોટા, જિ. અમરેલી)માં મૂળ ગામના જૂના ચોરે રામજી મંદિરમાં કૃષ્ણાનંદજી બાપુ બિરાજતા ત્યારે રામચરિત માનસની સપ્તાહ વાંચવા ભગવાનજી શર્મા અથવા અમરદાસજી ખારાવાલા આવતા. તો ચોરે જાણે કે અયોધ્યા નગરી સર્જન પામતી. વક્તાનાં વક્તવ્ય એવાં દમદાર કે લોકો ભાવવાહી થઈ રડી પડતા. હવે એવા વક્તા નથી રહ્યા કે નથી રહ્યા શ્રોતાજનો. ઈન્ટરનેટ આધારિત જે જાળ વ્યાપક થઈ તેમાં ગામડાઓ પણ આવી જ ગયા છે. ત્યાં દૂધ પ્રાપ્તિ હોવા છતાં મહેમાન આવે તો અમુલનું પાઉચ દુકાનેથી લાવવું પડે છે. શહેરીકરણ તો મોટું બુલડોઝર છે અને નવા યુગમાં શહેરોમાં ગામડું ઊભું કરવાના પ્રયાસો થાય છે વાડી અને મોલ સ્વરૂપે.

મોલ અર્થાત પાક, પરંતુ શહેરોના મોલ એટલે નક્કી ના કર્યું હોય તો પણ કંઈક ખરીદ કરીને બહાર નીકળો તેવી વિશાળ બજાર શૃંખલા, જ્યાં બધું જ મળતું હોય. શહેરોની વાડી એટલે સુવિધાથી છલોછલ ફાર્મ હાઉસ અથવા પ્રસંગ ઉજવવાની બધી જ જરૂરી ચીજોવાળી જગ્યા. વિશ્વમાં ડૉટ કૉમની શોધ ન હતી ત્યારે બધી જ કોમમાં ખૂબ દિલથી ઐક્ય હતું એ નોંધપાત્ર છે. કૉમ્પ્યુટર્સ, કાગળ અને કરન્સીએ જીવનમાં કાળી બળતરા આપી છે. પ્રગતિનો વિરોધ નથી પણ આપણો વિકાસ વિનાશકારી બને તો અંતે શું ? શહેરીકરણથી વસતીનો વિસ્ફોટ, અપરાધોનું શાસન, દબંગાઈ, લૂંટફાટ, બળાત્કાર, હિંસાચાર, અન્યાય સતત વધી જ રહ્યા છે. ગામડાના જીવનથી જે હૂંફ તથા ચેન મળતા હતા તેને તો આપણે સાથે મળીને ગૂમ કર્યા છે એ છે આજની કરૂણતા.

ઔપચારિકતા એ જીવનને ઘેરી લીધું છે, સાચી ભાવનાઓને આધુનિક જીવનશૈલીએ વિદાય આપી છે. ગામડાઓમાં રાજકારણની સુગંધ નથી પણ તેના વજૂદને નબળું બનાવી દીધું છે. આવી લોકશાહીની આપણા શહીદોને મન કલ્પના પણ નહીં હોય છતાં બધું નબળું સ્વીકૃત થઈ રહ્યું છે. ઈશ્વર કરતાં નાણું મોટું બની ગયું છે તેથી આફત વધી છે. શહેરીકરણમાં સાવચેતી ના લઈએ તો દિલ્હી જેવું સર્વત્ર થશે. ગામડાને તથા સંસ્કૃતિની વિરાસતને જાળવવામાં પણ તકેદારી લેવાની જરૂરત છે. ભોળપણને વટાવી ખાવું એ સામાજિક પાપ છે.

'લોકો પાંખો કાપીને આભને અકબંધ રાખે છે,
અને પછી એને સંબંધનું નામ આપે છે !'

કલ્પ સેવા આરોગ્ય કેન્દ્ર, કલ્પતરુ વેલફેર ટ્રસ્ટ અને શ્રી ગજાનન સેવા સમિતિ દ્વારા દહેગામ તાલુકાના દેવકરણના મુવાડાની ૬ સ્કૂલમાં શાળા આરોગ્ય કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. બે દિવસ ચાલેલા આ કાર્યક્રમમાં ૧૨૯૭ બાળકોને તપાસીને જરૂરી દવાઓ આપવામાં આવી હતી.

બારડોલી, બારીયા, મોચીયાની મુવાડી, અમર ભારતી, ત્રિલોકચંદ્રજી વિદ્યામંદિરનાં તમામ બાળકોનું ચેક-અપ ડૉ. ચિતણીયા, ડૉ. બોધાણી તથા ડૉ. અતુલભાઈ દ્વારા કરવામાં આવ્યું હતું. સંસ્થા તરફથી મિલિન્દભાઈ, વિલેશ મોરે તથા સ્ટાફ આ સેવાકાર્યમાં જોડાયા હતા.